सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૯ માર્ચ ૨૦૧૦ અંક-૪

## વાલીઓને......

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતી ભાષાનું અસ્તિત્વ લુપ્ત થવાના આરે છે. તેની ગંભીરતા સમજાઈ છે ,અને આ પડકારનો સામનો કરવાના પ્રયત્નો શરૂ થઈ ગયા છે એટલું જ નહીં પરંતુ તે માટે વધારે શું થઈ શકે તેની ગંભીરતાથી ચર્ચાઓ ચાલે છે.

તા.૩૦મી જાન્યુઆરીથી તા.૬ ફેબ્રુઆરી જુનાગઢ (ભક્ત કવિ નરસિંહ મહેતાની જન્મભૂમિ)થી સુરત (વીર કવિ નર્મદના જન્મ સ્થળ) સુધી જાગૃતિ ઉભી થઈ શકે તે માટે સફળ યાત્રા આયોજીત થઈ અને આ યાત્રા સાથે અન્ય ઉપયાત્રાઓ પણ આયોજીત થઈ અને આ માટે ગુજરાતમાં જાગૃતિ ઉભી કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.

નક્કર સ્વરૂપ આમાં થઈ શકે તે માટે ડૉ. રાસુભાઈ વકીલ ( ડાયરેકટર, સેપ્ટ યુનિવર્સિટી)ના અધ્યક્ષ પદે અને શાળા શિક્ષણ સંગઠનના ડૉ.રવિન્દ્રભાઈ દવેના માર્ગદર્શન હેઠળ કેટલીક શાળાઓ ભાષા શિક્ષણ પ્રોજેકટમાં જોડાઈ છે. તેઓ ભારે લગનીથી આ માટે શ્રમ લઈ રહી છે.

પ્રાથમિક - માધ્યમિક કક્ષાએ માધ્યમ ગુજરાતી જ રાખીને ઉત્તમ અંગ્રેજી આપવાનો પ્રયત્ન આ માટે ખૂબ જરૂરી છે તે હવે ઘણાને સમજાયું છે. અંગ્રેજીની વ્યવહારિક જરૂરીયાત છે અને તેની અવગણના પોષાય તેમ નથી, તે પણ સમજાયું છે.

જયાં માધ્યમ અંગ્રેજી છે ત્યાં ગુજરાતી ઉત્તમ શિક્ષણ આપવું અનિવાર્ય છે અને તે ફરજીયાત બનવું જોઈએ.

ભાષાનો પ્રશ્ન ભારે માવજત માંગી લે છે અને આજની પરિસ્થિતિનું અવલોકન કરીએ તો આજના પ્રશ્નો જે ઉભા થાય છે તેમાં મુખ્યત્વે અંગ્રેજી પાંચમા ધોરણથી નાબૂદ કરવાની ભૂલનું પરિણામ આપણે ભોગવી રહ્યા છીએ. અંગ્રેજીને તે સમયે ક્રમશઃ અને માવજતભરી રીતે જો આપણે વિચારપૂર્વક યોગ્ય સ્થાને મુકયું હોત તો આ આજે જે અંગ્રેજી માધ્યમની શાળાનો રાફડો ફાટયો છે તે ન જ ફાટયો હોત. અંગ્રેજીને પાંચમા ધોરણથી નાબૂદ કરવાનું ઉતાવળીયું પગલું આપણને ભારે પડી રહ્યું છે, તે વાત જેટલી વહેલી સમજાશે તેટલું આપણા લાભમાં છે. હવે અંગ્રેજીને મહત્વ આપીને આપણે શિક્ષણની વ્યવસ્થા ગોઠવવી એમાં જ ડહાપણ રહેલું છે. આ શાળાનો અભિગમ થયેલી આ ભૂલને સુધારવાનો છે.

તમારા બાળકોને વાર્તા, ગીતો અને જોડકણા આપો. તેમને જરૂર રસ પડશે. આ ઉપરાંત કેટલાક નમૂનારૂપ સાહિત્ય : ગીજુભાઈની બાળવાર્તાઓ, રામાયણના પાત્રો, મહાભારતના પાત્રો, સાહસિકોની સૃષ્ટિ, ૮૦ દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા, વીરધર્મની વાતો, રોજે રોજનું વાંચન જેવા પુસ્તક કક્ષાને યોગ્ય સ્થાન આપી વાંચનં રસ પડે તેવું આયોજન કરો.

## સ્મૃતિચિત્રો

### પ્રાતઃપ્રાર્થના

ગુજરાતના સ્વર્ણિમ મહોત્સવ પ્રસંગે ગુજરાતની સ્થાપના માટે જેમના આશીર્વાદ ગુજરાતને પ્રાપ્ત થયા તે સંત સમાજસેવક સાથેનો એક પ્રસંગ યાદ આવે છે.


શારદામંદિરની પ્રાતઃપ્રાર્થના એક આગવી વિશિષ્ટતા હતી. શિયાળાના ત્રણ માસ વિદ્યાર્થીઓ શાળામાં સવારના છ વાગ્યા અગાઉ આવતા અને એક કલાકનો સમય પ્રાર્થના , વ્યાયામ અને રમતગમતની પ્રવૃત્તિ કરતા. એ જમાનામાં આજના જેવા સુરક્ષિતતાના પ્રશ્નો હતા નહીં. એટલે નાના બાળકો પણ વહેલી સવારે ઉત્સાહપૂર્વક આવતા હતા. તેઓની આંતરગૃહ સ્પર્ધાઓમાં હાજરીના ગુણ ઉમેરવાનો ઉપક્રમ રાખ્યો હોઈ પોતાના ગૃહને આગળ લાવવાના પ્રયત્નોમાં એક પણ દિવસની ગેરહાજરી ન હોય તેની કાળજી વિદ્યાર્થીઓ લેતા અને વિશાળ સમુદાયમાં વિદ્યાર્થીઓની પ્રાતઃપ્રાર્થનાની હાજરી રહેતી. આ સંખ્યા ૩૦૦ જેટલી પહોંચતી હતી, તેવો ઉત્સાહ વિદ્યાર્થીઓમાં હતો. ૧૯૬૮માં સુરક્ષિતતાના પ્રશ્નો ઉભા થતા દુ:ખપૂર્વક તે પ્રવૃત્તિ બંધ કરવી પડી.

આ પ્રવૃત્તિમાં ત્રણ માસના અંતે તેની પૂર્ણાહુતિ થતી. આ પ્રસંગે કોઈ મહાનુભાવના આશીર્વચનનો કાર્યક્રમ ગોઠવાતો.

ગુજરાતના સંત સમાજસેવક રવિશંકર મહારાજ એક પ્રસંગે આવેલા. કાર્યક્રમ પૂરો થયા પછી તેમણે ગુજરાતની સ્થાપના પ્રસંગે આશીર્વચન આપ્યા તે સમયે મેં તેમનો ગાંધીઆશ્રમમાં લીધેલો ફોટો બતાવ્યો અને એ ફોટા ઉપર ઓટોગ્રાફ આપવા વિનંતી કરી.

સખત ઠંડી હતી અને હાથ ઠુંઠવાઈ જાય તેનું વાતાવરણ હતું પણ તેમણે પેન હાથમાં લઈ અને સહી કરી ''રવિશંકર'' પણ સાથે સાથે મારી સામે થોડું મલકાઈને બોલ્યા આ પાંચ અક્ષર લખવા કરતા પાંચ ગાઉ ચાલવાનું મને વધારે સહેલું લાગત.

**દિનુભાઈ દવે**



૧ મે ૧૯૬૦ના રોજ ગુજરાત રાજયની સ્થાપનાદિને સાબરમતી આશ્રમ 'હૃદયકુંજ' માં લેવાયેલી તસવીર.

## 'વિદ્યાર્થીઓમાં ઘણું હીર પડયું છે'

'આજની ટેબલ ડેકોરેશન અને સલાડ સ્પર્ધા જોઈ તમે ? અરે !છોકરાંઓએ શું સુંદર કામ કર્યું છે ! આશ્ચર્ય થાય તેવું છે. આપણે ત્યાં મહેમાન આવવાનાં હોય ત્યારે આપણે આ છોકરાંઓને કશું જ કામ સોંપતા નથી, ઉપરથી એમને ટોકીએ છીએ, 'આજે બહાર રમો, મને કામ કરવા દો, હેરાન ન કરશો, મહેમાન આવવાનાં છે,મારે કેટલું બધું કામ છે ? આટલી બધી રસોઈ, સલાડ, ટેબલ તૈયાર કરવાનું, બધું કરવું તે કંઈ સહેલી વાત છે !' પણ એ જ છોકરાંઓ રમવાને બદલે આઘાં પાછાં થતાં થતાં બધું જ એવું નિરીક્ષણ કરતાં રહે છે કે સ્કૂલમાં આવી સ્પર્ધા યોજાય છે ત્યારે કંઈક નવા જ વિચારો અને મૌલિકતા લઈને આવે છે ને કયારેક તો એવી સરસ ગોઠવણી કરે છે, આપણા મોંમાથી 'વાહ્'ના ઉદ્ગાર આપોઆપ સરી પડે. પણ એક વાત નક્કી કે બાળક નાનું હોય ત્યારથી તેને આ બધું Exposure મળવું જોઈએ. એમાં રસ લેતું કરવું જોઈએ, એનું વાતાવરણ આજુબાજુ હોવું જોઈએ.

જેના ઘરોમાં પાર્ટીઓ થતી હોય, તેને ટેબલ ડેકોરેશન અને સલાડ ડેકોરેશનના Ideas, નવા નવા તુક્કા સૂઝે જ, અને એટલે પેલી અંગનાએ પાઈનેપલમાંથી કેવો મોર જેવું બનાવીને મૂકયું હતું ! કેવું સુંદર લાગતું હતું! એક વખત એમાં રસ પડે પછી તો કલ્પનાના ઘોડા દોડવા જ માંડે ને ! એને વળી લગામ જ કયાં હોય ! પણ અરે ! એક વિદ્યાર્થિનીએ તો સરસ મજાનો કૂવો એના ઉપર ગાજરને કોરીને ગરગડી, બાજુમાં સુંદર ઝાડ, શું એનાં પાન ! બગીચામાં ખુરસી ટેબલ મૂળાને કાપીને બનાવેલાં, કાંદાને મૂળાને સરસ કાપીને કલામય રીતે પક્ષીની જેમ ગોઠવેલા, અરે ! એકે તો રીંગણમાંથી તબલા ને બાજુમાં શાકમાંથી જ દિલરૂબા, તાનપુરો એવું બધું બનાવેલું... આમ Theme oriented Salad Decoration તો આ પ્રથમ વખત જોયું... કલ્પનાની પાંખે ઉડતાં આ છોકરાંઓની આ રચનાત્મકતા જોઈ સાચે જ ખૂબ આનંદ થયો.

પણ કયારેક એવું પણ થઈ જાય કે.. પેલી સલોનીએ ગાજરમાં ટાંકણી ખોસી હતી તે જોઈ જરા દુઃખ થઈ ગયું. થોડા માટે એનો નંબર ગયો. એને બદલે એ ટૂથપીક્સ વાપરી શકી હોત પણ આવી બધી સમજ મમ્મીઓએ પણ કયારેક આપવી પડે છે. પોતાનાં બાળકને આવી સ્પર્ધામાં ભાગ લેવાનો ચાન્સ મળે એ જ બહુ મહત્વની વાત છે અને ત્યારે મોટા ભાગની મમ્મીઓ તો ઉત્સાહથી છોકરાંઓને પ્રેરણા, પ્રોત્સાહન અને સહકાર આપે છે પણ કયારેક કોઈ Talented વિદ્યાર્થીના મમ્મીની ઉદાસીનતાને કારણે એ સ્પર્ધામાં પાછો પડે છે ત્યારે સાચે જ દુઃખ પણ થાય છે. આપણાં સંતાનની પળે પળ આપણે એની સાથે રસ લઈને જીવીએ તો જ એના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થાય.. ઈશ્વરે આપણને મહામૂલું માતૃત્વ બક્ષ્યું છે તો આપણું આખું ય જીવન એનામાં જ ઓતપ્રોત થઈને જીવવાની પણ એક અજબ મઝા હોય છે..

શાળાનું નવું સત્ર શરૂ થતાં જ આવી અનેક સ્પર્ધાઓ વિવિધ તહેવારો અને ઉત્સવોને અનુરૂપ યોજવામાં આવતી જ રહે છે ને તેની પાછળનો આશય એ જ હોય છે કે આપણા બાળકોને આપણી ભારતીય સંસ્કૃતિનો વારસો, તેનો પરિચય આપોઆપ મળતો રહે.. તેમની રચનાત્મક શક્તિ ખીલે, ભણવાનું તો છે જ, પણ ફક્ત ચોપડીનું જ્ઞાન એ જ જ્ઞાન નથી, બાળકોમાં ચિત્ર, સંગીત, નૃત્યકલા, અભિનયકલા, Creativity આ બધું વિકસે એ પણ એટલું જ મહત્વનું છે અને એ સાથે આપણી ભારતીય સંસ્કૃતિનો આટલો ભવ્ય વારસો ! એનું ગૌરવ એમની રગેરગમાં બાળપણથી જ વહેતું થાય એ આશયથી કેટકેટલી સ્પર્ધાઓ યોજાય છે !

મહેંદી સ્પર્ધા, પારણા સ્પર્ધા, નંદાવ્રત સાથિયા સ્પર્ધા, પતંગ સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ગણેશ સ્પર્ધા, આ બધી સ્પર્ધા જોવા મમ્મીઓ પણ આવે જ અને જોઈને ખૂબ પ્રસન્નતા અનુભવે. પોતાનાં સંતાનની આવી સારી અભિવ્યક્તિ કોને આનંદિત ન કરે !.. પણ ત્યાં તો બે ત્રણ મમ્મીઓએ સૂચન કર્યું.. બેન ! આ બધું તો બહુ સરસ થાય છે પણ એમને ઉદ્યોગ અને સિવણ શીખવોને ! મમ્મીની વાત પણ ખોટી તો નહોતી જ.. અમે છ સાડા છ દાયકા પહેલાં સ્કૂલમાં ભણ્યાં ત્યારે સ્કૂલમાં સિવણ કંપલસરી શિખવાતું હતું... નાના ઝભલાથી માંડીને બ્લાઉઝ સુધી કટીંગ કરીને સીવતાં શીખવાડાતું... સોયથી ફાંટ, ઓટણ, બખીયો બધું શીખવાતું, આજની કેટલી મમ્મીને હાથમાં સોય લેતી બાળકોએ જોઈ હશે ! હું વારંવાર પેલી ફૂટપાથ પર સીવવાનું મશીન લઈને બેસી ગયેલા દરજીઓ પાસે થેલી લઈને કપડાં સાંધવાનાં સોંપતી મમ્મીઓને જોઉ છું ને મને ઘણીવાર વિચાર આવે છે આ લોકો કયારેય સોય હાથમાં પકડતાં જ નહીં હોય ! અહીં સુધી આવવા જવા જેટલા સમય ને પૈસા કરતાં તો ઘણાં ઓછા સમયમાં એ બધું જ કામ પતી જાય એવું હોય છે છતાંય હવે બધું જ કામ ભાડૂતી માણસ પાસે કરાવવાની કેવી મનોવૃત્તિ આવી ગઈ છે ! મા ઘરમાં સોયદોરો લેતી હોય તો છોકરાંને સિવણ ઘરમાં જ કેમ ન આવડે ! શું બધું જ સ્કૂલમાં શીખવવું પડે ! જીવનવ્યવહારની આ બધી કળા તો મા જેવું બીજું કોઈ જ ન શીખવી શકે, જે મા રસ લઈને આ બધું કરતી હોય તેના સંતાનો એ બધું આપોઆપ રસપૂર્વક કરે છે.

મા રસથી રસોઈ કરતી હશે તો દીકરી રસથી રસોઈ કરતી થશે જ, માબાપ રોજ રાત પડે એકાદ પુસ્તક કે મેગેઝીન લઈને અડધો કલાક બેસશે તો છોકરાંઓને ઈતરવાંચનની એની મેળે ટેવ પડશેઅને એમની જીજ્ઞાસાવૃત્તિ જાગૃત થશે, મને યાદ છે કે છોકરાંઓને રસ પડે એટલાં માટે જ મેં મોટી ઉંમરે પણ સિતાર, સંગીત, ચિત્ર , અભિનય, બધાં જ ક્ષેત્રો ચાલુ કરેલાં ને એટલે જ છોકરાંઓ તેમાં આગળ વધી શકયાં.. એને માટે વર્ગો ભરાવો તે કરતાં મા પોતે જ તે શરૂ કરે તો બાળકને એમાં સાચો રસ જાગે છે. બાળક આપણે કહીએ તેમ નહીં પણ આપણે કરીએ એમ કરે છે, એને આપણું પ્રોત્સાહન, આપણી સહભાગીદારી, આપણો સમય જોઈએ છે. બાકી બાળકમાં તો ઘણું હીર પડયું છે, જરૂર છે એને માવજત મળે તેની. આપણા Involvement ની.

**ઊર્મિલા શાહ**

## બાલપૂજન, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન અને ઈનામ વિતરણ સમારંભ

તા.૨૨-૧૨-૦૯ના રોજ દિવ્યભાસ્કરના માનનીયશ્રી મહેન્દ્રભાઈ શાહના અધ્યક્ષસ્થાને ઉપરોક્ત કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ પ્રસંગે બાળકોનાં બનેલાં રથ પર સવારી સાથે બાલરથી આવી પહોંચ્યાં. જેમનું કુંકુમ અને અક્ષતથી તિલક કરી અને મોં મીઠું કરાવી શ્રી મહેન્દ્રભાઈએ અભિવાદન કર્યુ.

ત્યારબાદ સંસ્થાના ત્રણ ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થીઓ શ્રી પાર્થિવભાઈ અધ્યારુ, ડૉ.સુધીરભાઈ શાહ અને આર્કીટેક શ્રી અપૂર્વભાઈ અમીનનું બહુમાન કરવામાં આવ્યું.

આ પ્રસંગે બોર્ડની પરીક્ષામાં ઉજજવળ કારકિર્દી ધરાવનાર વિદ્યાર્થીઓને પણ ઈનામો આપવામાં આવ્યા. લલિતકલા ક્ષેત્રે આગવી સિદ્ધિ ધરાવનાર બે વિદ્યાર્થીને પણ ઈનામો આપવામાં આવ્યા.

સંસ્થાના નિયામક મુ.શ્રી દિનુભાઈએ સૌનું ઉમળકાભેર સ્વાગત કર્યું. વિદ્યાર્થી પ્રતિનિધીઓએ જેમનું બહુમાન કરવાનું હતું તે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો પરિચય આપ્યો. તેમણે બહુ સારા પ્રતિભાવ આપ્યાં. અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈએ પણ ખૂબ પ્રેરણાત્મક પ્રવચન આપ્યું. અંતમાં કૉ.ઓર્ડિનેટર શ્રી ઊર્મિલાબેને આભાર વિધિ કરી.

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા.૧૫-૧૨-૦૯નાં રોજ કઠપૂતળીના ખેલમાં ગરબે રમતા રશિયન કલાકારો તથા રાજાની લડાઈ જોવાની બાળકોને ખૂબ મજા આવી.

તા.૨૪-૧૨-૦૯ને ગુરુવારે નાતાલના તહેવારની ઉજવણી કરવામાં આવી. બાળકોએ ક્રીસમસ ટ્રી, સ્ટાર, લેમ્પ વગેરે બનાવ્યા. બાળકોએ સાંતાકલોઝ બની બાળકોને હર્ષભેર ભેટ આપી.

તા.૨૬-૧૨-૦૯ને શનિવારે લેડી સાંતાકલોઝે બાલમંદિરની મુલાકાત લીધી. આ તહેવાર નિમિત્તે બાલમંદિરમાં કરેલું સુશોભન તથા નાતાલનું ગીત કરતા બાળકોને જોઈ તેઓ ખૂબ ખુશ થઈ ગયા.

તા.૧૩-૧-૧૦ને બુધવારે શાળામાં પતંગોત્સવની ઉજવણી કરવામાં આવી. શાળામાં લગાવેલા રંગબેરંગી પતંગો નિહાળી બાળકો આનંદમાં આવી ગયા. પતંગના ગીતો ગાઈ પતંગ ચગાવવાની મજા માણી. 'હે કાપ્યા' ની બૂમોથી શાળાનું ક્રિડાંગણ ગૂંજી ઉઠ્યું.

તા.૨૦-૧-૧૦ને બુધવારે વસંતપંચમી નિમિત્તે વસંતના સુંદર ગીતો ગાઈ સરસ્વતીદેવીનું પૂજન કરાવ્યું. બાળકોને તિલક કરી વસંતના વધામણાં લીધા. સ્વામીનારાયણ ભગવાન રચિત શિક્ષાપત્રી અંગે માહિતી આપી વસંતઋતુનું મહત્વ સમજાવ્યું.

તા.૨૫-૧-૧૦ને સોમવારે પ્રજાસત્તાકદિનની ઉજવણી કરવામાં આવી. શૌર્યગીત, કૂચ તથા રાષ્ટ્રગીત ગાઈ રાષ્ટ્રધ્વજને સલામી આપી.

તા.૩૦-૧-૧૦ને ગાંધી નિર્વાણ દિન નિમિત્તે ગાંધીજીના જીવનવૃતાંતની ઝાંખી કરાવી. દેશની આઝાદી માટે તેમની અહિંસક લડત વિશે માહિતી આપી.

તા.૨-૨-૧૦ને મંગળવારથી તાલીમના બાળકો માટે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું.

તા.૧૧-૨-૧૦ને ગુરવારે શિવરાત્રી પર્વ નિમિત્તે 'સાચા બોલાં હરણાં' નાટક ભજવવામાં આવ્યું.

તા.૨૫-૨-૧૦ હોળીના પર્વ નિમિત્તે સુંદર ગીતો ગાઈ સમૂહ વાર્તા દ્વારા તહેવારનું મહત્વ સમજાવ્યું.

તા.૨૬-૨-૧૦ને શુક્રવારે ભક્ત પ્રહલાદ નાટક ભજવી અધર્મ પર ધર્મનો વિજય થાય છે તેના માનમાં હોળીનો તહેવાર ઉજવાય છે એ સમજાવી બાળકોને કુંકુમ તિલક કરી કેસૂડાના પાણીથી હોળી રમાડવામાં આવી. બાળકોને હોળી રમવાની ખૂબ મજા આવી.

## શિશુમંદિર

### આંતરગૃહ સ્પર્ધાઓ :

**નિબંધ સ્પર્ધા :** તા.૮-૧૨-૦૯

| | | | |
|---|---|---|---|
| **ગુજરાતી** | પ્રથમ | રીચા ભટ્ટ | ધવલગિરિ |
| | દ્વિતીય | હેત્વી દેસાઈ | રત્નદીપ |
| | | ઋષાંગ શાહ | ગંગોત્રી |
| | તૃતીય | હેત શાહ | મેઘનાદ |
| | | ધર્મિત શાહ | રત્નદીપ |
| **હિન્દી** | પ્રથમ | માનસી પરીખ | રત્નદીપ |
| | દ્વિતીય | શિલ્વી શાહ | ધવલગિરિ |
| | | આયુષી શાહ | ધવલગિરિ |
| | તૃતીય | ધ્રુવી ઠક્કર | ગંગોત્રી |
| | | હેત્વી ઝવેરી | મેઘનાદ |
| **અંગ્રેજી** | પ્રથમ | હર્ષ શાહ | ધવલગિરિ |
| | દ્વિતીય | રાજ શાહ | રત્નદીપ |
| | | હેત મિસ્ત્રી | મેઘનાદ |
| | તૃતીય | આત્મિન શાહ | મેઘનાદ |
| | | ગરીમા મહેતા | ધવલગિરિ |
| **સુગમ સંગીત સ્પર્ધા** | તા.૧૬-૧૨-૦૯ | | |
| | પ્રથમ | હીના શુક્લ | રત્નદીપ |
| | દ્વિતીય | ક્રીશા શાહ | ધવલગિરિ |
| | તૃતીય | આયુષી શાહ | ધવલગિરિ |
| | | હિનમ જેઠવા | મેઘનાદ |
| **સલાડ ડેકોરેશન** | તા.૧૩-૧-૧૦ | | |
| | પ્રથમ | આયુષી શાહ | ધવલગિરિ |
| | દ્વિતીય | જાહનવી પંડયા | ગંગોત્રી |
| | તૃતીય | કલગી શાહ | ગંગોત્રી |
| | | નીતિક્ષા શાહ | રત્નદીપ |
| **ટેબલ ડેકોરેશન** | તા. ૧૩-૧-૧૦ | | |
| | પ્રથમ | આત્મિન શાહ | મેઘનાદ |
| | દ્વિતીય | અનેરી પટેલ | ગંગોત્રી |
| | તૃતીય | પ્રિન્સી શેઠ | ગંગોત્રી |
| | | ઐશ્વર્યા વાઘેલા | મેઘનાદ |

## વિનયમંદિર

### પ્રજાસત્તાક દિનની ઉજવણી

તા.૨૬-૧-૧૦નાં રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે પરેડ, ૧૯૪૨ની ચળવળની નાટિકા અને દેશભક્તિના ગીતો વિદ્યાર્થીઓએ ભાવવાહી રીતે રજૂ કર્યા. ધ્વજવંદન નિવૃત્ત થતાં શિક્ષક શ્રી હરેન્દ્રભાઈ ગદાણીના શુભ હસ્તે કરાવવામાં આવ્યું. **મુ.શ્રી દિનુભાઈ**એ સ્વાતંત્ર્ય માટેની લડતના સંસ્મરણો આપતાં વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના જાગૃત થાય તેવું પ્રેરણાત્મક પ્રવચન આપ્યું. વિદ્યાર્થીઓની પરેડ ખૂબ શિસ્તબધ્ધ અને ગૌરવપૂર્ણ અને વિદ્યાર્થીઓના ખમીરને પ્રતિબિંબિત કરતી હતી. આખોય કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો.

### આંતરગૃહ સ્પર્ધાઓ :

| | | | |
|---|---|---|---|
| **ટેબલ ડેકોરેશન સ્પર્ધા :** | તા.૧૦-૨-૧૦ | | |
| | પ્રથમ | મીત શાહ | ગીતગોવિંદ |
| | દ્વિતીય | ધ્રુવી ગજ્જર | પદ્મપુકુર |
| | | કક્ષા શાહ | મેઘદૂત |
| | તૃતીય | ખુશ્બુ પારેખ | મેઘદૂત |
| **સલાડ સ્પર્ધા** | તા.૧૦-૨-૧૦ | | |
| | પ્રથમ | હેલી સોપારકર | ચંદ્રમૌલિ |
| | દ્વિતીય | ખુશી બ્રોકર | મેઘદૂત |
| | | ઋજુતા ભટ્ટ | પદ્મપુકુર |
| | | સ્વાતિ દેલવાડિયા | પદ્મપુકુર |
| | તૃતીય | ધ્વનિ શાહ | મેઘદૂત |
| | | ખુશ્બુ ઠક્કર | ચંદ્રમૌલિ |
| | | ધરન કોઠારી | ગીતગોવિંદ |
| | | જાનકી પટેલ | ગીતગોવિંદ |

## Shardamandir Modern School

ધોરણ-૩ અને ધોરણ-૪ માટે વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી.

તા.૨૦-૧૨-૦૯ના રોજ શ્રી બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદના ઉપક્રમે યોજાયેલ નાટયસ્પર્ધામાં શાળાનાં ધો.૮ અને ધો.૯ના વિદ્યાર્થી ભાઈબહેનોએ સંસ્કૃત નાટક રજૂ કર્યું. જેનું શીર્ષક હતું '**शुभम् भवतु कल्याणमस्तु**' જેમાં ચિ.મેહા શાહને તેના શુધ્ધ ઉચ્ચારો માટે વ્યક્તિગત ત્રીજું ઈનામ મળ્યું.

ધોરણ ૧ થી ૪ માટે તા.૧૨-૧-૧૦નાં રોજ સુલેખન સ્પર્ધા યોજાઈ. તા.૧૯-૧-૧૦નાં રોજ ધો.૩ અને ૪ માટે પતંગ બનાવવાની સ્પર્ધા યોજાઈ.તા.૨૫-૧-૧૦ના રોજ રમતોત્સવ યોજવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ સાંઘિક અને વ્યક્તિગત રમતોમાં રસપૂર્વક ભાગ લીધો.

### આંતરગૃહ સ્પર્ધાઓ :

| | | | |
|---|---|---|---|
| **સુગમ સંગીત સ્પર્ધા** | | તા.૧૭-૧૨-૦૯ | |
| | પ્રથમ | નીનાદ બુચ | અમલતાસ |
| | દ્વિતીય | શિવાની ઉપાધ્યાય | અમલતાસ |
| | તૃતીય | વિશાલ હાપલીયા | અમલતાસ |
| | | અપૂર્વ ઉપાધ્યાય | કદંબ |
| **સલાડ ડેકોરેશન સ્પર્ધા** | | તા.૧૮-૧-૧૦ | |
| | પ્રથમ | નિહાલી શાહ | પલાશ |
| | દ્વિતીય | ઋષ્વી શાહ | પારિજાત |
| | તૃતીય | ફલક પંડિત | કદંબ |
| | | અંજસી શાહ | પારિજાત |
| | | શિવાની શાહ | પલાશ |

**કૉલાજ વર્ક** તા.૧૧-૨-૧૦

| | | |
|---|---|---|
| પ્રથમ | અમલતાસ | ખુશ્બુ દેસાઈ, શિવાની ઉપાધ્યાય,ભાષા શાહ |
| દ્વિતીય | કદંબ | રાધિકા ભગત , વરુણ રાવલ, પ્રેરક રાજા |
| તૃતીય | પારિજાત | શ્રુતિ ઠક્કર, સૃષ્ટિ શાહ, ઋષ્વી શાહ |

| | | | |
|---|---|---|---|
| **ન્યુઝ રીડીંગ સ્પર્ધા** | | તા.૨૩-૨-૧૦ | |
| | પ્રથમ | શિવાંશી પંડય | પલાશ |
| | દ્વિતીય | વૃષ્ટિ ત્રિવેદી | કદંબ |
| | તૃતીય | નિર્વન દવે | પારિજાત |
| | | સૃષ્ટિ શાહ | પારિજાત |
| **રીપોર્ટીંગ સ્પર્ધા** | | તા.૨૩-૨-૧૦ | |
| | પ્રથમ | મૌલિ સોની | પલાશ |
| | દ્વિતીય | વરુણ રાવલ | કદંબ |
| | | સાહિલ ઠક્કર | પલાશ |
| | તૃતીય | મેહા શાહ | કદંબ |

### કલાપ્રતિભા શોધ સ્પર્ધા

તા.૧૯-૨-૧૦ના રોજ શારદામંદિર મોડર્ન સ્કુલ અને શારદામંદિર શિશુમંદિરમાં ચિત્રસ્પર્ધા યોજાઈ. શાળાનાં બધાં જ વિદ્યાર્થીઓ રંગ અને રેખામાં તન્મય થઈ ગયા. બે અઢી કલાક સુધી આખોય માહોલ જ જાણે બદલાઈ ગયો અને 'તારે જમીન પર' ફીલ્મની યાદ આવે તેવું વાતાવરણ ઉભું થયું. બાળકોની એ મસ્તી સાચે જ માણવા જેવી હતી અને તેની ય પરાકાષ્ટા તો ત્યારે લાગી કે તેમાં કેટલાક શિક્ષકો પણ સામેલ થયાં ને ચિત્ર બનાવવા બેસી ગયા. બાળકોએ શિક્ષકોની સહભાગીદારીનો અને પ્રેરણાનો આનંદ માણ્યો તો શિક્ષકોએ હલકાં ફૂલ બની અભિવ્યક્તિનો આનંદ માણ્યો.

### સ્વ.રમણભાઈ દવે ઈન્ટર સ્કુલ સુગમ સંગીત સ્પર્ધા :

સ્વ.રમણભાઈ દવેએ સંગીત શિક્ષક તરીકે શારદામંદિરમાં આજીવન સેવા આપી. તેમનાં હાથ નીચે તૈયાર થયેલ અનેક વિદ્યાર્થીઓ આજે દુનિયાભરમાં સંગીતના ક્ષેત્રે ઝળહળતી સિધ્ધિ પ્રાપ્ત કરી રહ્યાં છે. એમને શ્રધ્ધાંજલિરૂપે શારદામંદિર દર વર્ષે એક ઈન્ટરસ્કુલ સુગમ સંગીત સ્પર્ધા યોજે છે. આ વર્ષે આ સ્પર્ધા તા.૧૬-૨-૧૦ના રોજ યોજાઈ ગઈ.

આ સ્પર્ધામાં બે વિભાગ હતાં ધોરણ ૫ થી ૭ માટે નાનો વિભાગ, ધોરણ ૮ થી ૧૨ માટે મોટો વિભાગ.નાના વિભાગમાં આઠ સ્પર્ધકો અને મોટા વિભાગમાં છ સ્પર્ધકોએ ભાગ લીધો. બધાં જ સ્પર્ધકોની રજૂઆત ખૂબ સુંદર હતી. નિર્ણાયક તરીકે જાણીતા સંગીતકાર **શ્રી નયનેશભાઈ જાની, શ્રી મૃદુલાબેન પરીખ અને બેન વીશાબેન પટેલે** સેવા આપી. સ્વ.રમણભાઈ ટ્રસ્ટના ટ્રસ્ટી **ડૉ.પંકજભાઈ શાહ** આ પ્રસંગે ઉપસ્થિત રહયાં હતા અને તેમના તથા ગાંધર્વ મહાવિદ્યાલય **શ્રી પંકજભાઈ પટેલ**ના હસ્તે સર્ટીફીકેટ તથા ઈનામ વિતરણ કર્યું હતું. તેઓ તરફ આભારની લાગણી વ્યક્ત કરું છું.

| | | | |
|---|---|---|---|
| **મોટા વિભાગમાં** | | | |
| | પ્રથમ | તેજલ મહેતા | વિદ્યાનગર સ્કુલ |
| | દ્વિતીય | રીયા શાહ | સી.એન.વિદ્યાલય |
| | તૃતીય | પ્રિયંકા ઠાકર | શારદામંદિર વિનયમંદિર |
| **નાના વિભાગમાં** | | | |
| | પ્રથમ | નીનાદ બુચ | શારદામંદિર મોડર્ન સ્કુલ |
| | દ્વિતીય | આયુષી શાહ | શારદામંદિર શિશુમંદિર |
| | તૃતીય | રિધ્ધિ શાહ | લીટલ ફલાવર સ્કુલ |

**સૌને અભિનંદન.** આ કાર્યક્રમમાં બહેન શિવાની ઉપાધ્યાયે સુંદર કંઠે, ભાવવાહી રીતે પ્રાર્થના અને ગીત રજૂ કર્યા. આખોય કાર્યક્રમ ખૂબ સરસ રહ્યો.

### સંસ્થાનું ગૌરવ

તા.૧૯-૨-૧૦ના રોજ શ્રીમતી ફેનીબેન દેસાઈ મેમોરીયલ ટ્રોફી તરફથી યોજાયેલ Quiz સ્પર્ધા અને Skit સ્પર્ધામાં આપણા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં શારદામંદિર વિનયમંદિરના વિદ્યાર્થીઓએ ગ્રુપ બીમાં ત્રીજું ઈનામ શારદામંદિર મોડર્ન સ્કુલના વિદ્યાર્થીઓએ બીજું ઈનામ અને ૫ થી ૭ ના વિદ્યાર્થીઓએ સ્કીટમાં પ્રથમ ઈનામ મેળવ્યું છે. આ માટે નીચેના વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.

| | | |
|---|---|---|
| વિનયમંદિર | Quiz | કૃતિ શાહ, શિમોલી શાહ |
| મોડર્ન સ્કુલ | Quiz | વરુણ રાવળ, સાહિલ ઠક્કર |
| શિશુમંદિર | Skit | દ્વિજ જાની, ઋપાંગ શાહ, વર્ધન શાહ, |
| 'ભૂદાન' | | રાજ શાહ, ધર્મિત શાહ, જોય પટેલ |

નિકેત રસાણિયા, ધ્યેય શાહ, મેધા રાણપુરા, હીના શુક્લ

તા.૧૪-૨-૧૦ના રોજ ઓરીએન્ટ કલબ ખાતે યોજાયેલ મેઘમણિ ટ્રોફી ચેસ સ્પર્ધામાં શાળાને ટ્રોફી પ્રાપ્ત થયેલ છે. આનું શ્રેય નીચેના ચાર વિદ્યાર્થીઓને ફાળે જાય છે. **ઓમ દવે, તિગ્માંશુ દવે, ઋષિરાજ ચુડાસમા** અને **અક્ષત સથવારા** આ ચારેય વિદ્યાર્થીઓને ખૂબ અભિનંદન.

વિકાસ વર્તુળ ટ્રસ્ટ ભાવનગર આયોજીત કસોટીમાં આપણી શાળામાં નીચેના વિદ્યાર્થીઓ એ ઈનામ પ્રાપ્ત કર્યા છે.

| | | | |
|---|---|---|---|
| પટેલ નીશાંચ ભાર્ગવભાઈ | ધો.૫ | ગુજરાતી માધ્યમ | ૨૫૦રૂ. |
| કોઠારી શર્વ જતીનભાઈ | ધો.૫ | ગુજરાતી માધ્યમ | ૨૫૦રૂ. |
| શાહ રોહન અજયભાઈ | ધો.૬ | અંગ્રેજી માધ્યમ | ૨૫૦રૂ. |
| શાહ વૈશલ હેમેન્દ્રભાઈ | ધો.૮ | અંગ્રેજી માધ્યમ | ૨૫૦રૂ. |
| શાહ અલય દિવ્યેશભાઈ | ધો.૯ | ગુજરાતી માધ્યમ | ૨૫૦રૂ. |
| ઝવેરી રૂપેન ધીરેનભાઈ | ધો.૯ | ગુજરાતી માધ્યમ | ૨૫૦રૂ. |
| શાહ દીપ પંકજભાઈ | ધો.૧૦ | ગુજરાતી માધ્યમ | ૨૫૦રૂ. |

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL : sharda.mandir@yahoo.com